અપીલ અરજી નં.૨૯૯ તા.૨૨–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રો.ટેક્ષ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી (૧)સૈયદપુરા માર્કેટ, નોંધ નં.૧૨/૨૪૦૯–૧૦ ની એક માળની ભોંયતળીયા વગરની ખખડધજને એપ્રિલ–૨૦૧૦ થી ઉતારીને પ્લીન્થ બીમ અને સ્લેબ ધ્વારા નવા આરસીસી બાંધકામ ભોંયતળીયેથી બે માળ સુધીનું કમ્પલીટ બાંધકામ કરેલ હોય જેના બાંધકામના એલાઈમેન્ટ સહિતના પ્લાનની મંજુરી સાથેની માહિતીની નકલ. (૨) સદર મિલ્કતને ઉતારીને નવું બીમ પ્લીન્થ અને સ્લેબ ભરીને ભોંયતળીયે બે માળ સુધીનું આર.સી.સી. બાંધકામ કમ્પલીટ કરેલ હોય જે અંગેની બીયુસી પ્રમાણપત્રની માહિતીની નકલ વિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૯૯/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી (૧) સૈયદપુરા માર્કેટ, નોંધ નં.૧૨/૨૪૦૯–૧૦ ની એક માળની ભોંયતળીયા વગરની ખખડધજને એપ્રિલ–૨૦૧૦ થી ઉતારીને પ્લીન્થ બીમ અને સ્લેબ ધ્વારા નવા આરસીસી બાંધકામ ભોંયતળીયેથી બે માળ સુધીનું કમ્પલીટ બાંધકામ કરેલ હોય જેના બાંધકામના એલાઈમેન્ટ સહિતના પ્લાનની મંજુરી સાથેની માહિતીની નકલ. (૨) સદર મિલ્કતને ઉતારીને નવું બીમ પ્લીન્થ અને સ્લેબ ભરીને ભોંયતળીયે બે માળ સુધીનું આર.સી.સી. બાંધકામ કમ્પલીટ કરેલ હોય જે અંગેની બીયુસી પ્રમાણપત્રની માહિતીની નકલવિગેરે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે સેન્ટ્રલઝોનમાં માહિતીની નકલો માટે ફી ભરેલ હોવા છતાં નકલો નહીં મળવા બાબત હેઠળની રજૂઆત કરી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૧ તા.૩–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રો.ટેક્ષ.)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી પ્રો.ટેક્ષ તરફથી પીટીઆરસી/૪૫૮ તા.૧૧–૧–૧૧ થી પૂરક વિગતોમાં મુકંદર ચીકન સેન્ટરનું પ્રો.ટેક્ષની પાર્ટી સ્ટેટસની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૪૮૨ તા.૨૦–૧–૧૧ થી તેમના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૨૩૮ તા.૬–૧૨–૧૦ થી અરજદારને રૂા.૭૦૦/– ફી ભરવા લખેલ પત્ર તથા સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૪૦૮ તા.૧૦–૧–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ, અરજદાકરની મુળ અરજીની નકલ, તથા નોધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૩૭૫ તા.૨–૧૨–૧૦ થી આપેલ માહિતીની વિગત અત્રે મળેલ છે.

અરજદારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી સૈયદપુરા માર્કેટ ૧૨/૨૪૦૯–૧૦ મિલ્કતના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૧૨૫ તા.૯–૧૧–૧૦ થી શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૭૮૫ તા.૨૬–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તથા નગર નિયોજક ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથીપત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૨૩૮ તા.૬–૧૨–૧૦ થી રૂા.૭૦૦/– ફી ભરવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ તથા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૦૮ તા.૧૦–૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વ્યવસાયવેરા તરફથી પત્ર નં.પીટીઆરસી/૪૫૮ તા.૧૧–૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૩૭૫ /આરટીઆઈ/૨–૧૨–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે નોંધ નં.૧૨/૨૪૦૯/૧૦ ની મિલ્કતોના નવા બાંધકામની માહિતીની નકલોની રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે ૩૦ દિવસમાં નિર્ણય મળેલ નથી તેવું જણાવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સૈયદપુરા માર્કેટ, નોંધ નં.૧૨/૨૪૦૯–૧૦ ની એક માળની ભોંયતળીયા વગરની ખખડધજને એપ્રિલ–૨૦૧૦ થી ઉતારીને પ્લીન્થ બીમ અને સ્લેબ ધ્વારા નવા આરસીસી બાંધકામ ભોંયતળીયેથી બે માળ સુધીનું કમ્પલીટ બાંધકામ કરેલ હોય જેના બાંધકામના એલાઈમેન્ટ સહિતના પ્લાનની મંજુરી સાથેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મિલ્કતના કોઈ પ્લાન મંજુર હોવાનું સેન્ટ્રલઝોન કક્ષાએ ઉપલબ્ધ રેકર્ડ જણાતું નથી.પરંતુ મિલ્કતદાર ધ્વારા

તા.૨૨–૪–૧૦ ના પત્રથી રીપેરીંગની જાણ કરેલ છે. જેની નકલના પાના નં.૧૨ થાય છે જેના નકલ દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૪/– ભર્યેની નકલ મળશે. એલાઈમેન્ટની અસર દર્શાવતો નકશો રૂા.૭૦૦/– ભર્યેથી સેન્ટ્રલઝોન ઓફિસમાંથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સદર મિલ્કતને ઉતારીને નવું બીમ પ્લીન્થ અને સ્લેબ ભરીને ભોંયતળીયે બે માળ સુધીનું આર.સી.સી. બાંધકામ કમ્પલીટ કરેલ હોય જે અંગેની બીયુસી પ્રમાણપત્રની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર મિલ્કતને બીયુસી આપવા અંગેની કોઈ વિગતો સેન્ટ્રલઝોન કક્ષાના રેકર્ડ પર જણાતી નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલ ના મુદ્દામાં બીયુસી પ્રમાણપત્રની નકલની માંગણી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આવી કોઈ વિગત રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર મિલ્કતનો આર.સી.સી બાંધકામનો એલાઈમેન્ટ પ્લાન મંજુર કરાવેલ ન હોય તો મિલ્કતના માલિકને જાતે મિલ્કત ઉતારવાની અથવા સદર મિલ્કતનું આર.સી.સી. બાંધકામ પ્લાન વગર ગેરકાયદેસર બાંધેલ હોવાથી દંડકીય ડીમોલીશન ની કાર્યવાહી અંગેની નોટીસ આપ્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએ રેકર્ડ જોતાં આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દા નં.૩ માં અરજદારે પ્લાન વગરનું ગેરકાયદેસર બાંધકામ હોવાથી દંડકીય ડોમોલીશનની નોટીસ આપ્યા અંગેની માહિતીની નકલનો આગ્રહ રાખેલ છે. મુદ્દા નં.(૪) સદર નવી મિલ્કત " મુકંદર ચીકન એન્ડ એગ્સ" પાસે નોંધણી રજીસ્ટ્રેશનની હાલની ૨૦૧૦ ની રીન્યુઅલની ગુમાસ્તાધારાની આરોગ્ય પ્રમાણપત્રની અને વ્યવસાયવેરાના પ્રમાણપત્રોની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ગુમાસ્તાધારાના લાયસન્સ ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબીસમેન્ટ રૂલ્સ ૧૯૬૩ ના નિયમ–૬ અથવા નિયમ–૮ માં જણાવ્યા મુજબ બીજી નકલ મેળવવા જરૂરી ફી ભરી અરજી કરી નકલ મેળવવાની હોય છે જેમાં સંસ્થાના માલિકને બીજી નકલ કાઢી આપવા જણાવેલ છે. જેથી ગુમાસ્તાધારાના લાયસન્સની નકલ આપી શકાય નહીં પરંતુ ગુમાસ્તાધારાના લાયસન્સ તથા વ્યવસાયવેરાની માહિતી નીચે મુજબ છે. (૧) સંસ્થાનું નામઃ– " મુકદર ચીકન સેન્ટર" (૨) માલિકનું નામઃ– જમીલ નૂર મોહમદ ચીચી (૩) કામકાજનો પ્રકારઃ– જીવતી મરઘી અને મટન મરઘીનું તેમજ ઈંડા વેચનાર. (૪) સંસ્થાનું સરનામુંઃ– ૧૨/૨૪૧૦ મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં.સી.ઝેડ/એસ/૨૧૩૫૩૦(૬) નોંધણી તારીખઃ– ૨૫–૬–૨૦૦૮ (૩૧/૧૨/૨૦૧૧) સુધી રીન્યુ (૭) વયસવાય વેરા નોંધણી નં.PECO3CZ મુ –૭૯૦૭૦ થી વર્ષ ૨૦૧૦–૧૧ સુધી વ્યવસાયવેરો ભરપાઈ કરેલ છે. (૮) માર્કેટ વિભાગ ધ્વારા મટન/ચીકનનું વેચાણ કરવા માટે લાયસન્સ આપવામાં આવેલ છે. અપીલમાં અરજદારે તા.૨૭–૧૧–૧૦ ના રોજ નાણા ભરપાઈ કર્યા છે. તેમ છતાં મુકદર ચીકન સેન્ટરના વ્યવસાયવેરો ભરપાઈ કર્યા અંગેની પ્રમાણિત નકલ આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી પ્રોફેશનલ ટેક્ષ ધ્વારા પત્ર નં.પીટીઆરસી/૪૫૮ તા.૧૧–૧–૧૧ થી પ્રો.ટેક્ષ પાર્ટી સ્ટેટસની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે તેઓના પત્ર નં.પીટીઆરસી/૩૬૯ તા.૨૬–૧૧–૧૦ થી રૂા.૨/– દસ્તાવેજ ફી ભરવા અરજદારને જણાવેલ. જે અરજદારે તા.૨૭–૧૧–૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. મુદ્દા નં.(૫) ઉપરોકત મુદ્દા નં.૪ અંગેના એક પણ પ્રમાણપત્ર ન હોય તો સદર " મુકદર ચીકન એન્ડ એગ્સ" જયારથી ચાલુ કરેલ હોય ત્યારથી આજ સુધીનો બીપીએમસી એકટ મુજબની કલમ અનુસાર દંડકીય કાર્યવાહી કરવી અથવા સદર મિલ્કતને સિલ કરવાની કાર્યવાહી અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોને ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર મિલ્કતને સીલ કરવાની કાર્યવાહી અંગેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ સદર મિલ્કત પર રેહમ નજર રાખનારા આર્થિક કૌંભાડી ભ્રષ્ટાચારી સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગના અધિકારીઓ, આરોગ્ય અધિકારીઓ, માર્કેટ વિભાગના અધિકારીઓ ગુમારસ્તાધારાના અને વ્યવસાયવેરાના અધિકારીઓનાં નામ અને પોસ્ટ અંગેની માહિતની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી આપે જણાવેલ આક્ષેપિત શબ્દો માન્ય નથી પરંતુ હાલમાં શહેર વિકાસ વિભાગના જુનીયર ઈજનેરશ્રી ડી. એસ. મહેતા ગુમાસ્તાધારા વિભાગના ગુમાસ્તાધારા નિરીક્ષકશ્રી સી.એ. પટેલ તથા આરોગ્ય વિભાગના આસી. આરોગ્ય અધિકારી ડો. પે.પી. ભટ્ટ ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ શહેર વિકાસ વિભાગના ડે.ઈજનેર શ્રી એચ. એમ. પટેલ સદર મિલ્કતનું ગેરકાયદેસર બાંધકામ રોકવામાં નિષ્ફળ જવાથી જાતે જ બદલી કરાવી નાનપુરા, જતા રહયા અને તેમની સાથેના ડે.ઈજનેર શ્રી આર સી. પટેલ અને ડે. ઈજનેર શ્રી એચ.એમ. પટેલની જગ્યાએ આવેલ શ્રી દેસાઈએ સદર મિલ્કતનું નવું આરસીસી બાંધકામ કમ્પ્લીટ થયેલ હોય જે અંગેની રૂબરૂ સ્થળ નીરીક્ષણ અને પ્લાન અનુસાર માપણી કર્યા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદર બાબત અંગેની કોઈ વિગતો સેન્ટ્રલઝોન ખાતે ઉલપબ્ધ રેકર્ડ જણાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ સદર મિલ્કતના ટીપી પ્લાન મુજબ એલાઈમેન્ટ અનુસાર અમુક ભાગ કાયદેસર કપાતમાં જાય છે જે કપાતના ભાગની દિશા અને કુલ કપાતની માહિતી ફુટમાં જણાવતી નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મંજુર નિતી નિયમ મુજબ એલાઈમેન્ટની નકલના નોંધ નંબરના રૂા.૫૦૦/ તથા વધારાના એક નંબરના રૂા.૨૦૦/– મળી કુલ રૂા.૭૦૦/– ભરવાના થાય છે જે બાબતે સેન્ટ્રલઝોન કક્ષાએથી પત્ર નં.૧૨૩૮ તા.૬–૧૨–૧૦ ના રોજ સદર નાણા ભરવા જણાવેલ છે જે ભર્યેથી માંગેલ માહિતી મળી શકશે. તેવું જણાવેલ છે. આ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૭૫ તા.૨–૧૨–૧૦ થી મુદ્દા નં.૮ માં માંગ્યા મુજબની માહિતી અન્વયે નોંધ નં.૧૨/૨૪૦૯ વાળી મિલ્કતને લાગુ રસ્તારેખા દર્શાવતા પાર્ટ પ્લાનની નકલ નિયમોનુસાર ફી રૂા.૩૦/– ટાઉન પ્લાનીંગ ખાતામાં જમા કરાવ્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૬–૧૨–૧૦ ના રોજ રસીદ નં.૧૧૧૩૩૭ થી સેન્ટ્રલઝોનમાં ભરપાઈ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં ૩૦ દિવસમાં નિર્ણય મળેલ નથી તેમજ બાંધકામની માહિતીની નકલો બાબતે અરજદારને ટીપીડી/૩૭૫ તા.૨–૧૨–૧૦ થી પ્લાનની નકલના રૂા.૩૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જે અંગે તા.૬–૧૨–૧૦ ના રોજ નાણા ભરપાઈ કરેલ છે. તેમ છતાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી

પૂરક વિગતોમાં આ અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. આ બાબતે સેન્ટ્રલઝોન તરફથી પણ પત્ર નં.૧૨૩૮ તા.૬–૧૨–૧૦ થી નિયત સમય મર્યાદામાં નિર્ણય જણાવવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી વ્યવસાયવેરા તરફથી પણ પત્ર નં.પીટીઆરસી/૩૬૯ તા.૨૬–૧૧–૧૦ થી નિયમ સમય મર્યાદામાં નિર્ણય જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે ફી ભર્યા બાદ વિલંબથી તા.૧૧–૧–૧૧ ના રોજ નકલ આપેલ છે. આમ અરજદારે અપીલમાં કરેલા ૩૦ દિવસમાં નિર્ણય ન મળ્યાના દાવાને બધા જ મુદ્દા અંગે સમર્થન મળતું નથી. વધુમાં અરજદારે બાંધકામની નકલની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી રૂા.૭૦૦/– ભરપાઈ કરવા જણાવેલ છે. તે ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ? તેવી વિગતો તેમના પક્ષેથી પૂરી પડાયેલ નથી. અરજદારે અપીલમાં મુદ્દા નં.૮ માં તેઓએ શહેર વિકાસ વિભાગમાંથી મિલ્કત નં.૧૨/૨૪૦૯/૧૦ વાળી મિલકતને લાગુ રસ્તા દર્શાવતા પ્લાન્ટ પ્લાનની નકલ મેળવવા જણાવેલ છે તો અન્ય મુદ્દા અંગેની ફી ભરવા જણાવશો તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સી.ઝેડ/૧૨૩૮ તા.૬–૧૨–૧૦ થી સમય મર્યાદામાં રૂા.૭૦૦/– ફી ભરવા જણાવેલ તથા પુનઃ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૦૮ તા.૧૦–૧–૧૧ ના પત્રથી આપેલ માહિતી મુજબ મંજુર નિતી નિયમ મુજબ એલાઈમેન્ટના નોંધ નંબરના રૂા.૫૦૦/– તથા વધારાની એક નંબરના રૂા.૨૦૦/– મળી કુલ રૂા.૭૦૦/– ભરવાના થાય છે જેમાંથી અરજદાર સંપૂર્ણ કે અંશતઃ રૂા.૫૦૦/– ભરીને એલાઈમેન્ટ નોંધ નંબરની નકલ અથવા તો વધારેની એક નકલના રૂા.૨૦૦/– ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ કક્ષાએથી અરજદારે રસીદ નં.૧૧૧૩૩૭ થી રૂા.૩૦/– ભરપાઈ કરવા છતાં માહિતી નહીં મળ્યાની તેની રજૂઆત છે. જે મળેલ હોય તેમ જણાતું નથી.

અરજદારની ૧ થી ૮ મુદ્દાની માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી જયાં જરૂર છે ત્યાં નિયત દસ્તાવેજ ફી ભરવા સહિત જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ છે. સાથે મુદ્દા નં.૪ ની નકલ પણ જાહેર માહિતી અધિકારી વ્યવસાયવેરા ધ્વારા અરજદારને તા.૧૧–૧–૧૧ ના રોજ મોકલેલ છે. તે પૈકી મુદ્દા નં.૧ અને ૮ અંગે અરજદાર ધ્વારા રૂા.૭૦૦/– નિયત ફી ભરપાઈ કરેલ હોઈ તેવી કોઈ વિગતો રજૂ કરેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૮ રસ્તા રેખા દર્શાવતા પાર્ટ પ્લાન નકશા બાબતે અરજદારે તા.૬–૧૨–૧૦ ના રોજ રૂા.૩૦/– ભરપાઈ કરવા છતાં તેમને માહિતી મળેલ નથી. તે વિવાદિત મુદ્દો રહે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૮ લાગુ રસ્તા રેખા દર્શાવતા પાર્ટ પ્લાનની નકલ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિ.(પીઅન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે. જયારે બાકીના મુદ્દાઓ અંગે તકરારને કોઈ સ્થાન ન હોઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા નિર્દિષ્ટ વિગતે નિયત ફી ભરપાઈ કરી દસ્તાવેજો મેળવી લેવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (પ્રો.ટેક્ષ.).....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર